RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 14, Issue : 325, Dt.08-03-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સરકારી નિર્ણયોની ટીકાનો નાગરિકોને અધિકારઃ સુપ્રીમ કોર્ટ



## કલમ ૩૭૦ની નાબુદીની ટીકા કરવી અને આ નિર્ણયના દિવસને કાળા દિવસ તરીકે મનાવવો કે પાકિસ્તાનના સ્વતંત્રતા દિવસે આ દેશને અભિનંદન આપવા તે અપરાધ નથીઃ કલમ ૧૫૩નો મનફાવે તે રીતે ઉપયોગ કરવા સામે લાલબત્તી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રિમ કોર્ટે એક મહત્વના ચૂકાદામાં જમ્મુ-કાશ્મીરને ભારત સાથે જોડતી કલમ ૩૭૦ની નાબુદીની ટીકા કરવી અને આ નિર્ણયના દિવસને કાળા દિવસ તરીકે મનાવવો કે પાકિસ્તાનના સ્વતંત્રતા દિવસે આ દેશને અભિનંદન આપવા એ કોઈ અપરાધ નથી.

આ કેસમાં વોટસએપ સ્ટેટસ મુદ્દે એક પ્રોફેસર સામે થયેલા કેસને સર્વોચ્ચ અદાલતે રદ કર્યો હતો અને જણાવ્યું હતું કે કાનૂનની મર્યાદામાં રહીને વિરોધ કરવાનો નાગરિકોને અધિકાર છે.

સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ અભય ચોક તથા ન્યાયમૂર્તિ ઉજ્વલ ભૂંઈયાની ખંડપીઠે બંધારણની કલમ ૧૯ હેઠળ તેની વાત કહેવાનો અધિકાર છે. દેશનો નાગરિક કોઈ અન્ય દેશના સ્વતંત્રતા દિવસ પર તે દેશના નાગરિકોને શુભેચ્છા આપે તો તે કોઈ અપરાધ માનવામાં આવશે નહી.

અદાલતે કહ્યું કે જો ભારતનો એક નાગરિક પાકિસ્તાનના નાગરિકોને તા.૧૪ ઓગષ્ટના રોજ પાકના સ્વતંત્રતા દિને જો શુભેચ્છા આપે તો તેમાં કંઈ ખોટું નથી. આ સદભાવનાનું પ્રતિક છે તેમાં આ પ્રકારે શુભેચ્છા આપનારના ઈરાદા કે હેતુ સામે પ્રશ્ન ઉઠાવી શકાય નહી. કારણ કે તે એક ખાસ ધર્મના છે.

કાશ્મીર માટેની ખાસ કલમ ૩૭૦ ખત્મ કરવાના સરકારના નિર્ણયની ટીકા કરવાનો પણ ભારત સરકારના નિર્ણયની ટીકા કરવાનો પણ દરેક નાગરિકને અધિકાર છે. શર્ત એ છે કે તે કાનૂની મર્યાદામાં હોવી જોઈએ. આ પ્રકારની ટીકાને ભારતીય ફોજદારી ધારાની કલમ ૧૫૩-એ હેઠળ અપરાધ ગણી શકાય નહી. તેણે આ કલમ રદ કરવાના નિર્ણય અને તેના આધારે લેવાયેલા પગલાનો વિરોધ કર્યો છે.

બંધારણની કલમ ૧૯(૧)(એ) દરેક નાગરિકને બોલવાનો અધિકાર આપે છે અને તેના હેઠળ કલમ ૩૭૦ની નાબુદીની ટીકા તે કરી શકે છે તે રાજયના નિર્ણય પર ખુશ ના હોય તો તેની ટીકા કરી શકે છે.

# મોદીની મહિલાઓને ભેટઃ રાંધણ ગેસ સિલિન્ડરમાં રૂા.૧૦૦નો ઘટાડો

## કરોડો ગ્રાહકો પર આર્થિક બોજ ઘટશેઃ વડાપ્રધાને ખુદ ટવીટ કરી માહિતી આપીઃ વિપક્ષે ગણાવ્યો ચૂંટણીલક્ષી એજન્ડા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી પૂર્વે આજે આંતર રાષ્ટ્રીય મહિલા દિને જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહિલાઓને મહત્વપૂર્ણ ગીફ્ટ આપી હતી. તેમ રાંધણગેસ સીલીન્ડરનાં ભાવમાં રૂા.૧૦૦ ના ઘટાડાનું એલાનકર્યુ છે.

કેન્દ્ર સરકાર દ્વારા ઉજજવલા યોજનામાં સબસીડી લંબાવવાની જાહેરાત કરવામાં આવ્યાના બીજે જ દિવસે રાંધણગેસ રૂા.૧૦૦ સસ્તો કરવામાં આવ્યો છે.ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ



ટવીટ કરીને આ એલાન કર્યુ છે.

વડાપ્રધાને ટવીટમાં કહ્યું કે આજે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસે રાંધણગેસ સિલીન્ડરમાં રૂા.૧૦૦ નો ઘટાડો કરવાનો મોટો નિર્ણય લીધો છે.પીએમ ઉજજવલા યોજના હેઠળની સબસીડી પણ એક વર્ષ માટે લંબાવવામાં આવી છે. ૩૧ માર્ચ ૨૦૨૫ સુધી સબસીડીનો લાભ મળશે આવતા એક વર્ષ સુધી યોજના હેઠળ સામેલ ગ્રાહકોને ૧૨ સીલીન્ડર રૂા.૩૦૦ ની સબસીડી મળશે.

વડાપ્રધાનના આ ટવીટ મુજબ દેશભરનાં લાખો ગ્રાહકો-પરિવારો પરનો નાણાંકીય બોજ હળવો થશે. ખાસ કરીને નારી શકિતને ફાયદો થશે. રાંધણગેસ સસ્તો કરીને સરકાર તંદુરસ્ત વાતાવરણ સર્જવા માગે છે.કેન્દ્ર સરકારનાં નિર્ણયથી મહિલાઓ સશકત બનશે સાથોસાથ પરિવારોને લાભ મળશે. મહિલાઓને સશકત કરીને જીવન સરળ બનાવવાનાં સરકારના સંકલ્પની દિશા તરફનું આ કદમ છે.રાંધણગેસ સીલીન્ડરમાં ૧૦૦ ના ઘટાડાથી આમ આદમીને મોટી રાહત મળશે. દેશમાં કુલ ૩૧.૪૦ કરોડ રાંધણગેસ કનેકશન છે. તેમાંથી ૧૦ કરોડથી વધુ ઉજજવલા યોજનાના લાભાર્થી છે.

# મોદી સરકારે ૨ થી ૩ ટકા લોકોને દેશની સંપતિ સોંપી દીધી છેઃ રાહુલ ગાંધી

**મુખ્ય સમાચાર, દાહોદ**

કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધીની ભારત જોડો ન્યાયયાત્રાનો દાહોદ જિલ્લાના ઝાલોદથી ગુરુવારે ગુજરાતમાં પ્રવેશ થયો હતો. ઝાલોદમાં જનસભાને સંબોધતાં રાહુલે રામમંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવથી માંડીને જાતિ આધારીત વસતી ગણતરી, આદિવાસીઓના પ્રશ્નો, બેરોજગારી જેવા મુદાઓ ઉઠાવવા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર અદાણી જેવા માનીતા ઉદ્યોગપતિઓને દેશની સંપતિ સોંપી દેવાનો આરોપ મુકી આકરાં પ્રહારો સોંપી દેવાનો આરોપ મુકી આકરાં પ્રહારો કર્યા હતા. કોંગ્રેસ નેતાએ એવો પણ મુદો ઉઠાવ્યો કે, નદેશના ઉદ્યોગપતિઓમાં પછાતવર્ગને પ્રતિનિધિત્વ જ મળ્યું નથી.



કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, નમોદી સરકારે અદાણીને બધું વેચી દીધું છે. ભારતના એરપોર્ટ, પોર્ટ, માઈનીંગ, પાવર જનરેશન, સોલર પાવર, વિન્ડ પાવર, જયાં જુઓ ત્યાં એક જ વ્યક્તિ દેખાશે. બધુ ગણાવીશ તો બે કલાક લાગી જશે. દેશના બે થી ત્રણ ટકા લોકોને દેશની બધી સંપતિ સોંપી દીધી છે. તમારા ખિસ્સામાંથી રૂપિયા સીધા ઉદ્યોગપતિઓને જઈ રહ્યા છે.થ તેની સાથે તેમણે કહ્યું કે નદેશનો સૌથી મોટો પ્રશ્ન બેરોજગારી છે. નરેન્દ્ર મોદીની રાજનીતિ અરબપતિઓને મદદ કરવાની છે. પબ્લીક સેકટર પ્રાઈવેટાઈઝેશન તરફ વળી રહ્યા છે.

તેમણે જાતિ આધારિત વસતિ ગણતરી, આદિવાસીઓની વસતિ અને તેમની ભાગીદારી તથા બેરોજગારી મુદ્દે સરકાર પર પ્રહાર કર્યા હતા. ગાંધીએ કહ્યું હતું કે, આદિવાસીઓની વસતિ આઠ ટકા છે, જયારે આદિવાસી અધિકારીઓની ભાગીદારી છ ટકા છે. સાથે જ તેમણે જાતિ આધારીત વસતિ ગણતરી નહીં કરાવી આદિવાસી, પછાત વર્ગને અન્યાય કરવામાં આવી રહ્યો હોવાનો ભાજપ પર આક્ષેપ મુકયો હતા. રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનો મુદો ઉઠાવી રાહુલે પ્રશ્ન કર્યો કે, પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં દેશના રાષ્ટ્રપતિ જોવા મળ્યા નથી. કેમ કે, તે આદિવાસી સમાજમાંથી આવે છે. એની સાથે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ ઉદ્યોગપતિઓ અને ફિલ્મસ્ટારોનો જમાવડો હતો.

# શિયાળાની વિદાય પૂર્વે હવામાને કરવટ બદલીઃ ૧૦ માર્ચથી વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની આગાહી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

શિયાળાની વિદાય પૂર્વે હવામાન વારંવાર કરવટ બદલતુ હોય તેમ ફરી વાતાવરણ પલટવા લાગ્યુ છે.હવામાન વિભાગ દ્વારા ૧૦ માર્ચની સાતથી ફરી એક વેસ્ટર્ન ડીસ્ટર્બન્સનો પ્રભાવ પડવાની આગાહી કરવામાં આવી છે. ૧૨ મી માર્ચે પર્વતીય રાજયોમાં વરસાદ તથાહિમવર્ષા થવાની આગાહી કરવામાં આવી છે.

હવામાન ખાતાનાં રીપોર્ટમાં જણાવાયા પ્રમાણે પૂર્વ તરફ વધી રહેલા વેસ્ટર્ન ડીસ્ટર્બન્સને કારણે આવતા બે દિવસ અરૂણાચલ પ્રદેશમાં વરસાદ થશે આજે ઓડીશા, પશ્ચિમ બંગાળ, તથા સિકકીમમાં છુટા છવાયા વરસાદની સંભાવના છે.

આવતા સપ્તાહમાં ૧૨ અને ૧૩ માર્ચે પંજાબ હરીયાણા, પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં વરસાદ થઈ શકે છે. તા.૯ અને ૧૦ માર્ચે દક્ષિણી રાજસ્થાન સિવાય ઉત્તર પશ્ચિમ ભારતના મેદાની ભાગોમાં તેજ હવા ફુંકાવાની સંભાવના છે.










# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર–કચ્છના શિવાલયો હર હર મહાદેવના નારાથી ગુંજી ઉઠયા





(તસ્વીરઃ આનંદ જાવિયા)

આજે મહાશિવરાત્રીના પાવન દિવસે રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર–કચ્છના શિવાલયોમાં શિવનાદ ગુંજી ઉઠયો છે. આજે સોમનાથ મહાદેવના દર્શનાર્થે હજારો ભાવિકો ઉમટી પડયા છે. આજ સવારથી સતત ૪૨ કલાક મંદિરના દ્વાર ખુલ્લા રહેશે. આજે ઠેર ઠેર શોભાયાત્રા, ચાર પ્રહર મહાપૂજા, મહાઆરતી, લઘુરૂદ્ર, મહાપ્રસાદ, ભાંગ પ્રસાદી વિતરણ સહિતના આયોજનો થયા છે. રાજકોટમાં આજે બપોરે દશનામ ગોસ્વામી સમાજ દ્વારા કમલેશ્વર મહાદેવ મંદિરેથી શિવરથ યાત્રાનું આયોજન કરાયું છે. બીજી શિવ રથયાત્રાનું આયોજન વિશ્વેશ્વર મહાદેવ મંદિરેથી કરવામાં આવેલ છે. જસદણના ઘેલા સોમનાથમાં આજે ચાર પ્રહરની પૂજા સહિતના આયોજનો કરાયા છે. મોરબીના રફાળેશ્વરમહાદેવ, અગ્નેશ્વર મહાદેવ, શોભેશ્વર મહાદેવ સહિતના મંદિરોમાં બમ બમ ભોલેનો નાદ ગુંજી ઉઠયો છે. મોરબી તાલુકાના રફાળેશ્વરગામે પાસીયા પરિવાર દ્વારા રફાળેશ્વર મહાદેવજીની શોભાયાત્રા નીકળી હતી અને સવારે બાવન ગજની ધજા ચઢાવાઈ હતી. મહાપ્રસાદ તથા શિવરાત્રીના મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

## ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા જુનાગઢ જીલ્લાની વિસાવદર વિધાનસભાના પ્રભારી તરીકે વિજયભાઈ કોરાટની વરણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી સમયમાં આવનાર લોકસભાની ચુંટણી ચૂંટણી અંતર્ગત ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ દ્વારા લોકસભા તેમજ વિધાનસભા સીટોના પ્રભારીશ્રીઓની વરણીને જાહેર કરવામાં આવી છે. જેમાં પ્રદેશ કિસાન મોરચાના મંત્રીશ્રી વિજયભાઈ કોરાટને જુનાગઢ જીલ્લાની વિસાવદર વિધાનસભા સીટના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.


કોરાટ હાલમાં પ્રદેશ ભાજપ કિસાન મોરચાના મંત્રી તરીકે સક્રિય રીતે કામ કરી રહ્યા છે. તેઓ દેવદ્વારકા અને ભાવનગર જીલ્લાના કિસાન મોરચાના પ્રભારી તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. ગત વિધાનસભાની ચૂંટણી દરમ્યાન ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા તેમને ૮૮–કેશોદ વિધાનસભાના પ્રભારી તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. જે વિધાનસભાની ચૂંટણીમાં શ્રી વિજયભાઈ કોરાટ દ્વારા પ્રસંશનીય કામગીરી કરી કેશોદ વિધાનસભા સીટમાં ભાજપને જંગી લીડથી જીત અપાવી હતી તેમજ તેમણે પ્રદેશ કિસાન મોરચાના વિવિધ કાર્યક્રમોના ઈન્ચાર્જ તરીકે સફળતાપૂર્વકની કામગીરી કરી છે. જેમાં ખાટલા બેઠક, ગ્રામસૂરાજ્ય અભિયાન, જનજાગરણ અભિયાન જેવા પ્રદેશ દ્વારા આપવામાં આવેલ અનેક કાર્યક્રમોમાં ઈન્ચાર્જ તરીકેની સફળ કામગીરી કરી છે. તાજેતરમાં જ વિસાવદરના આપના ધારાસભ્યએ રાજીનામું આપતા વિસાવદર લોકસભાની સાથે વિધાનસભાની પણ પેટાચૂંટણી યોજવા જઈ રહી છે ત્યારે વિજયભાઈ કોરાટ દ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય કામગીરીને ધ્યાને લઈને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ દ્વારા આગામી લોકસભા તેમજ વિધાનસભાની પેટાચૂંટણીને અનુલક્ષીને તેમને વિસાવદર વિધાનસભાના પ્રભારી તરીકેની મહત્વની જવાબદારી સોંપી છે.

## પાવન પર્વની ઉજવણીઃ આજે મહાશિવરાત્રીના દિવસે ઘેલા સોમનાથ મહાદેવ મંદિર દર્શનાર્થીઓ માટે ૨૪ કલાક ખુલ્લું રહેશે

### શિવજીના પાવન પર્વ મહાશિવરાત્રીએ ઘેલા સોમનાથ મંદિરે ભક્તોની ભીડ ઉમટશેઃ મહાશિવરાત્રીના દિવસે આખો દિવસ જળાભિષેક તથા દુધ અભિષેક થશે તેમજ રાત્રે ચાર પહોરની પુજા થશે

**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળીયા**

**જસદણઃ** મહાસતી મીનળદેવી દ્વારા ૧૫મી સદીમાં સ્થાપિત પવિત્ર ઘેલા નદીના કિનારે આવેલ અને ભારતના બાર જ્યોતિર્લીંગ જેટલું જ મહત્વ ધરાવતા શ્રી ઘેલા સોમનાથ મહાદેવનું સુપ્રસિદ્ધ શિવલિંગ શિવભક્તોમાં અનેરું મહત્વ ધરાવે છે. ત્યારે સંવત ૨૦૮૦ ના મહાવદી ૧૩ ને શુક્રવાર તા.૮ માર્ચના રોજ મહાશિવરાત્રી હોવાથી શ્રી ઘેલા સોમનાથ મહાદેવ મંદિરના સાનિધ્યમાં મહાશિવરાત્રીના પાવન પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. મહાશિવરાત્રી એટલે શિવની રાત્રી હોય અને શ્રી ઘેલા સોમનાથ મંદિર ટ્રસ્ટ તરફથી મહાશિવરાત્રીના આયોજન માટે રાજકોટ જિલ્લા કલેક્ટરની સુચના મુજબ નાયબ કલેક્ટર ગ્રીષ્માબેન રાઠવા મેડમ તેમજ સભ્ય સચિવ જસદણ મામલતદાર મિલન રાજ્યગુરુ તેમજ વહિવટદારની દેખરેખ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહાશિવરાત્રીના દિવસે આખો દિવસ જળાભિષેક તથા દુધ અભિષેક થશે તેમજ રાત્રે ચાર પહોરની પુજા થશે.



સુપ્રસિદ્ધ ઘેલા સોમનાથ મહાદેવ મંદિરના સાનિધ્યમાં મહાશિવરાત્રીના દિવસે સવારે ૫ કલાકે મંગળા આરતી થશે, બપોરના ૧૧ કલાકે મહાપૂજા થશે, બપોરના ૧૨ કલાકે મહા આરતી થશે, સાંજે ૭–૩૦ કલાકે સંધ્યા આરતી થશે, રાત્રે ૯ કલાકે ચાર પહોરની પ્રથમ આરતી થશે, રાત્રે ૧૨ કલાકે ચાર પહોરની બીજી આરતી થશે અને રાત્રે ૨ કલાકે ચાર પહોરની ત્રીજી આરતી થશે. જ્યારે તા.૯ ના રોજ વહેલી સવારે ૫ કલાકે ચાર પહોરની ચોથી આરતી થશે. વધુમાં મહાશિવરાત્રીના દિવસે દર્શનાર્થીઓ માટે મંદિર ૨૪ કલાક ખુલ્લુ રહેશે અને મંદિરનો પુજાનો સમય સવારે ૬ વાગ્યાથી ૧૦ વાગ્યા સુધીનો રહેશે.

દાતાઓના સહયોગથી દાદાને પ્રથમ ધ્વજા સવારે ૯ કલાકે તેમજ બીજી ધ્વજા બપોરની મહા આરતી બાદ ૧ કલાકે ચડાવવામાં આવશે. તેમજ દર્શનાર્થી માટે મંદિર ટ્રસ્ટ અને દાતાના સહયોગથી ૫૦૦૦ હજાર ભાવિકો માટે ફરાળની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં બપોરના ૧ વાગ્યે અને સાંજે ૭ વાગ્યે ભુદેવ/સાધુ અને ભક્તોને પ્રસાદમાં ફરાળ આપવામાં આવશે. જ્યારે દાદાને આખો દિવસ જુદા–જુદા શણગાર પુજારી હસુભાઈ જોષી દ્વારા કરવામાં આવશે. વધુમાં જસદણના કાળાસર તથા લીલાપુર ગામના સ્વયંસેવક ભાઈઓ શિવરાત્રી પર્વ ઉપર આખો દિવસ પોતાની સેવા આપશે તેમ મંદિરના શિવભક્ત મનુભાઈ શીલુની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## શ્રી પ્રાર્થના સહિયર મહિલા મંડળ અને નાબાર્ડના સહયોગથી મધ્યપ્રદેશના સાગર જિલ્લાના રજાખેડા મુકામે મલ્ટી લેયર ફાર્મીંગની તાલીમ અપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શ્રી પ્રાર્થના સહિયર મહિલા મંડળ અને નાબાર્ડના સહયોગથી ઉન્નત કૃષિ અભિયાન સંસ્થા દવારા મલ્ટી લેયર ફાર્મીંગ તાલીમ લેવા માટે રાજકોટના ગ્રામ્યના ૨૫ ખેડૂતોએ ભાગ લીધેલ. ત્યાં શ્રી આકાશ ચોરસીયાના માર્ગદર્શન હેઠળ વિવિધ પ્રકારની જમીન, પાણી, વાતાવરણ અને ખાતર ઉપર તાલીમ આપવામાં આવેલ.



તાલીમમાં વિવિધ પ્રકારના પાકોનું સંયોજન, ઓછી જમીનમાં વિવિધ પાક કઈ રીતે લેવો, પાકની જાળવણી, કુદરતી સ્ટોરેજ પધ્ધતિ, દેશી બીયારણનું ઉત્પાદન, વિવિધ પાકોનું ડિહાઈડ્રેશન પધ્ધતિ, આધુનિક ગૌ શાળા વગેરે વિષયો પર વિસ્તારથી તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમ દરમિયાન તમામ પ્રકારની સુવિધાઓ તથા આયોજન શ્રી પ્રાર્થના સહિયર મહિલા મંડળ રાજકોટ દવારા કરવામાં આવ્યું છે.

## ભગવતીપરાના મીંયાણાવાસમાં અકસ્માત મુદ્દે પાડોસીઓ વચ્ચે મારામારી

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે ભગવતીપરામાં આવેલ મીંયાણાવાસમાં નદી કાંઠે રહેતો અનિલ ઉર્ફે લાલો ધનજી જીંજરીયા નામના યુવાનને પાડોસમાં રહેતો સાગર ગભરું ભોજયા અને તેની બહેન હિનાએ શેરીમાં રીક્ષા સાથે અકસ્માત થતા લાકડાના ધોકા વડે હૂમલો કરી માર માર્યો હતો. જયારે સામા પક્ષે અનિલ ગભરું ભોજયાએ વળતી ફરિયાદમાં અનિલ ઉર્ફે લાલો તેનો ભાઈ મનોજ તેના પિતા ધનજી અને પત્નીએ અકસ્માત થવા મુ છરી અને ધોકા વડે હૂમલો કરી પતિ–પત્નીને માર માર્યો હોવાની વળતી ફરિયાદ બી ડિવિઝન પોલીસમાં નોંધાવતા પીએસઆઈ એમ.આઈ.શેખએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

## સોની બજારના વેપારી સાથે દાગીના બનાવવાના બહાને ૧૦ લાખનું સોનું લઈ કારીગર રફુચકકર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના લક્ષ્મીવાડીમાં રહેતા અને સોની બજારમાં રાજશીલ્પ કોમ્પ્લેક્ષમાં હરિકૃષ્ણ ઓર્નામેન્ટ નામે છેલ્લા ૩૦ વર્ષથી દાગીના બનાવવાનું કામ કરતા પ્રદીપકુમાર વીરચંદભાઈ રાધનપુરા ઉ.૫૬ નામના વેપારીએ વિવેકાનંદનગરમાં રહેતા રાકેશભાઈ ઉર્ફે કાનો રમેશભાઈ આડેસરા સામે એ, ડીવીઝન પોલીસમાં ૧૦.૨૦ લાખની છેતરપીંડી અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે રાકેશભાઈ સંબંધી થતા હોય બે અઢી વર્ષથી હું તેમણે દાગીના બનાવવા ફાઈન સોનું આપતો અને સામે તે વાઉચર આપતા તેમજ તે પંદર વીસ દિવસમાં

દાગીના બનાવીને આપી દેતા હતા દરમિયાન ગત ૧૦ એપ્રિલ ૨૦૨૩ના મેં ૧૭૦ ગ્રામ સોનું જેની કિંત ૧૦.૨૦ લાખ થતી હોય તે દાગીના બનાવવા આપ્યું હતું જે ત્રીસેક દિવસ સુધી દાગીના નહી મળતા મેં દાગીના માંગતા હું થોડા દિવસોમાં દાગીના બનાવીને પરત આપી દઈશ તેવું જણાવ્યું હતુંતે પછી તેનો ફોન સ્વીચ ઓફ આવતો હોય અમે ઘરે તપાસ કરવા જતા તેની પત્નીએ રાકેશભાઈ ઘરે હાજર ન હોય અને તે ઘણા દિવસોથી ક્યાંક જતા રહેલ છે તેવું જણાવતા અંતે ફરિયાદ નોંધાવતા પીએસઆઈ બી એચ પરમારએ તપાસ હાથ ધરી છે.

## શ્રી પ્રાર્થના સહિયર મહિલા મંડળ અને નાબાર્ડના સહયોગથી જેલના કેદીઓ માટે ટેલરિંગ કોર્ષનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શ્રી પ્રાર્થના સયિર મહિલા મંડળ અને નાબાર્ડ ના સહયોગ થી સેન્ટ્રલ જેલના કેદીઓને પગભર કરવા હેતુથી વ્યવસાયિક મેન્સ ટેલરીંગ તાલીમનું ઉદઘાટન કર્યું. આ કાર્યક્રમ જે ટેલરિંગ અને ગારમેન્ટ મેન્યુફેક્ચરિંગ પર ધ્યાન કેન્તિ કરે છે.





સેન્ટ્રલ જેલ ખાતે આયોજીત ઉદઘાટન સમારોહ કેદીઓને મૂલ્યવાન વ્યવસાયિક કૌશલ્યોથી સજ્જ કરવા અને જેલ મુક્તિ પર રોજગાર મેળવવાની તકોને વધારવા માટે એક નવીન પહેલની શરૂઆત કરે છે. તે કેદીઓને વ્યક્તિગત વિકાસ અને સમાજમાં સફળ પુનઃએકીકરણની તકો પ્રદાન કરવા માટેનો એક ભાગ છે. આ તાલીમમાં ૩૦ કેદીઓ ૭૨૦ કલાક (૪.૫.મહિના)ની તાલીમ મેળવશે.

સમારંભ દરમિયાન સરકારી પ્રતિનિધિઓ સહિત આદરણીય મહેમાનો સર્જનસિંહ પરમાર (ડેપ્યુટી કમીશનર ઓફ પોલીસ–રાજકોટ), નિશા (ડેપ્યુટી કલેક્ટર, પ્રાત ઓફિસર), શિવમ વર્મા (જેલ–સુપ્રિટેન્ડેટ), ધર્મેન ચૌહાણ (ડી.ડી.એમ નાબાર્ડ–રાજકોટ)ના હસ્તે દીપ પ્રાગટય કર્યું હતું. દીપ પ્રાગટયમાં ભૂપેન્દ્રસિંહ પરમાર (જેલ પી.આઈ.), એનજીઓના પ્રમુખ પ્રભાબેન પારઘી, મહેન્દ્ર પંડ્યા, કાર્તિક શર્મા તથા સ્ટાફ અને જેલના અધિકારીઓ હાજર રહ્યા હતા. સૌ મહેમાનોએ કાર્યક્રમની સફળતા માટે નાબાર્ડ અને શ્રી પ્રાર્થના સહિયર મહિલા મંડળ અને તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી.

સર્જનસિંહ પરમાર (ડીસીપી–રાજકોટ) અને નિશા મેડમ (ડેપ્યુટી કલેક્ટર)નાબાર્ડને અને પ્રાર્થના સહિયર મહિલા મંડળને જેલના કેદીઓ માટે આવી તાલિમોનું આયોજન કરવા બદલ આભાર માન્યો હતો અને તાલિમાર્થીઓ ને શુભેચ્છા પાઠવી હતી. શિવમ વર્મા (જેલ–સુપ્રિટેન્ડેટ) એ કેદીઓ ને સામાજિક રીતે ઉથ્થાન માટે અને જીવનના પરિવર્તન માટે આ તાલિમ માં ભાગ લેવા શુભેચ્છા પાઠવી હતી.

ધમેન્દ્ર ચૌહાણ (ડી.ડી.એમ–નાબર્ડ–રાજકોટ)ના માર્ગદર્શન, એનજીઓ સ્ટાફ અને જેલ સ્ટાફનો જેમણે આ કાર્યક્રમને વાસ્તવિક બનાવવા માટે તેમના સમય કુશળતા અને સંસાધનોનું યોગદાન આપ્યું છે. અને સકારાત્મ પરિવર્તન લાવવા અને કેદીઓને બીજી તક પૂરી પાડવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. એ માટે ઉપસ્થિત સૌ નો આભાર પ્રગટ કરીએ છીએ.

## મોરબી ખાતે નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત સેમિનારનું આયોજન કરાયું

### છોડો નશા ઓર શરાબ, ન કરો જીવન ખરાબ કુછ પલ કા નશા, સારે જીવન કી સજા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા ખાતે નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત વિવિધ વિભાગોના કર્મચારીઓ સાથે ક્ષમતા નિર્માણ સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ આયોજન અંતર્ગત ખાસ કરીને વ્યસન મુક્તિના મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી.

આપણા સમાજમાં લગભગ મોટાભાગના યુવાનો અત્યારે તમાકુ જેવા કોઈને કોઈ પ્રકારના વ્યસનની કુટેવ ધરાવે છે. ત્યારે વ્યસનથી થતાં નુકસાન વિશે જાગૃતિ આવે તે માટે જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા કર્મચારીઓ સાથે ક્ષમતા નિર્માણ સેમિનાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.મોરબી જીલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ હર ઘર વ્યસન મુક્ત હોવું જોઈએ તેવો છે. આપણે સૌ દેશનું ભવિષ્ય છીએ, આપણે કોઈ પણ પ્રકારના વ્યસનનો શોખ તરીકે





ઉપયોગ ન કરવો જોઈએ અને બને તેટલું તેનાથી દૂર રહેવું જોઈએ. વધુને વધુ યુવાનોને જાગૃત કરી આપણે એક મજબૂત રાષ્ટ્ર બનાવવું હશે તો નશાને જડમૂળથી નાબૂદ કરવો પડશે.

મોરબી પ્રાંત અધિકારી સુશીલ પરમાર દ્વારા નશામુક્ત ભારત વિશે લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પોલીસ ઈન્સ્પેક્ટર પંડ્યાએ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાઈકોટ્રોપિક સબસ્ટેશન એક્ટ ૧૯૮૫ વિશે લોકોને માહિતગાર કર્યા હતાં. પ્રોબેશન ઓફિસર ડો. મિલનકુમાર પંડિતે નશામુક્ત ભારત અભિયાન પ્રસ્તુતતા અને આવશ્યકતા વિશે લોકોને માહિતગાર કર્યા હતાં.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન બ્રહ્માકુમારીના જુલી દીદી દ્વારા કરવામાં આવ્યું હતું અને આભાર વિધિ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી વૈશાલીબેન જોશી દ્વારા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ નશા મુકત ભારત અને મતદાન જાગૃતિ અંગેના શપથ લીધા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર કે.બી. ઝવેરી, જિલ્લા વિકાસ અધિકારી જે.એસ. પ્રજાપતિ, જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક એન.એસ. ગઢવી, બ્રહ્માકુમારી જુલીબેન, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી વૈશાલીબેન જોશી, કાર્યક્રમના પ્રોજેક્ટ ડાયરેક્ટર મંગળુભાઈ ધાંધલ, પ્રોબેશન ઓફિસર ડો. મિલનકુમાર પંડિત, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ/ કર્મચારીઓ અને મોરબીવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ઈન્સ્ટાગ્રામમાં રોલા પાડવા હથિયાર સાથે ફોટા મુકનાર કાકા-ભત્રીજાની ધરપકડ

## જસદણના જૂના પીપળીયા ગામના શખ્સો સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઈન્સ્ટાગ્રામમાં રોલા પાડવા હથિયાર સાથે ફોટો મૂકનાર જસદણના જુના પીપળીયા ગામના કાકા-ભત્રીજા સામે ગુનો નોંધી રાજકોટ રૂરલ એસઓજીએ ધરપકડ કરી ધોરણસર કાર્યવાહી કરી છે. વિગતો મુજબ રૂરલ એસ.ઓ.જીને જાણ થઈ હતી કે,જસદણમાં જુના પીપળીયા ગામના રહેવાશી વાજસુરભાઈ ભીમભાઈ વાળા પાસે કોઈ હથિયાર પરવાનો કે, લાયસન્સ ન હોવા છતા, સમાજમાં ભય ઉભો કરવાના ઈરાદે તેમજ પોતાના શોખ ખાતર પરવાનાવાળા બારબોરના હથિયારથી ફોટો પાડી પોતાના ઈન્સ્ટાગ્રામ આઈ-ડી માં ફોટો અપલોડ કરેલ છે. પરવાનેદાર પ્રતાપભાઈ માણકુભાઈ વાળાએ પોતાનું લાયસન્સ વાળુ હથીયાર



બંધુક અન્ય લાયસન્સ વગરનાને ઉપયોગ કરવા આપતા બન્ને શખ્સોએ આર્મ્સ એકટ મુજબનો ગુન્હો કરતા આટકોટ પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધી આરોપી વાજસુરભાઈ ભીમભાઈ વાળા અને તેના કૌટુંબિક કાકા પ્રતાપભાઈ માણકુભાઈ વાળાની રૂરલ એસ.ઓ.જીએ ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું છે.

# ગોંડલના ગુંદાળા ગામે સ્કોર્પીયો કારમાં વિદેશી દારૂના જથ્થા સાથે બે ઝડપાયા

## જસદણના આંબેડકરનગરમાં બુટલેગરના રહેણાંક મકાનમાંથી ૧૪૦ બોટલ અને ૪૮ ચપલા ઝડપાયાઃબુટલેગર ફરાર









**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલના ગુંદાળા ગામે સ્કોરપીયો કારમાં વિદેશી દારૂ સાથે બે શખ્સોની પોલીસે ધરપકડ કરી રૂ.૫.૫૯ લાખનો મુદામાલ કબજે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગોંડલ તાલુકા પોલીસના પીએસઆઈ જે.એમ.જાલાની સુચનાથી હેડ કોન્સ.મયુરધ્વજસિંહ, કોન્સ. રવિરાજસિંહ, રણજીતભાઈ ધાંધલ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન કોન્સ.રવિરાજસિંહ અને રણજીભાઈને મળેલ ચોક્કસ બાતમીના આધારે ગુંદાળા ગામની સીમમાં બોડકી ધારના રસ્તે વોચ ગોઠવી હતી. તે દરમિયાન સ્કોરપીયો કાર નં.જીજે૩એફએક્સ૯૬૦૬માં બે શખ્સો સંકાસ્પદ નીકળતા પોલીસે કારને અટકાવી તલાસી લેતા અલગ અલગ બ્રાંડની વિદેશી દારૂની ૧૫૦ બોટલ કિંમત રૂ.૫૯૭૦૦ની મળી આવતા પોલીસે કારનો ચાલક ગોંડલના રણછોડનગરમાં રહેતો ભગીરથસિંહ દિલીપસિંહ વાઘેલા અને ગંદાળા ગામનો ભરત ઉર્ફે હકો મનસુખ ખુટ નામના બે શખ્સોની ધરપકડ કરી કાર સહિત રૂ.૫.૫૯ લાખનો મુદામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જ્યારે એક બનાવમાં જસદણ પોલીસના પીઆઈ ટી.બી.જાની હેડ કોન્સ.સાગરભાઈ મક્વાણા સહિતના સ્ટાફે આંબેડકરનગરમાં સ્મશાનની સામે રહેતો કરણ કનુ પરમાર નામના બુટલેગરના રહેણાંક મકાનમાં દરોડો પાડતા આ બુટલેગર કરણ હાજર નહીં મળેલ આવી પોલીસે મકાનની તલાસી લેતા અલગ અલગ બ્રાંડની વિદેશી દારૂની ૧૩૯ બોટલ કિંમત રૂ.૪૬૯૦૦ તથા ચપલા નંગ ૪૮ તથા ૮ લીટર દેશી દારૂ સહિતનો મુદ્દામાલ મળી આવતા પોલીસે રૂ.૫૧૮૬૦નો મુદામાલ કબજે કરી બુટલેગર કરણ પરમારની શોધખોળ આદરી છે.

# ગોંડલ રોડ પર ઈંડાની લારી પર યુવાનની હત્યા કરનાર શખ્સની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ પર રાજકમલ ફાટક પાસે કેટરર્સના ધંધાર્થીની ગઢવી શખ્સે હત્યા કરતાં પોલીસે ગણતરીના કલાકોમાં હત્યારાની ધરપકડ કરી હતી. ગોંડલ ચોકડી પાછળ રિધ્ધી સિધ્ધિ સોસાયટીમાં રહેતાં હિનાબેન સંજયભાઈ મારડીયા (ઉ.વ.૩૫) ની ફરિયાદને આધારે ભક્તિનગર પોલીસે હત્યામાં સંડોવાયેલ ભરતુદાન ગઢવી સામે ગુનો નોંધ્યો છે. રિદ્ધિ સિદ્ધિ સોસાયટીમાં રહેતા મૂળ ગોંડલના વસાવડના વતની અને રાજકોટમાં સમય કેટરસ નામે ધંધો કરતા સંજય મહેશભાઈ મારડીયા ઢેબર રોડના



હત્યાનો ભોગ બનનાર યુવાન

ખૂણા ઉપર નોનવજની લારીએ ઇંડા



હત્યારો શખ્સ

ખાવા ગયો હતો ત્યારે ત્યાં ઈંડા ખાવા આવેલ ભરતદાન ગઢવી સાથે માથાકૂટ થઈ હતી જેમાં મૃતક સંજયે તમે ગઢવી બોવ ફાટી નિકળા છો તેમ કહેતા ભરતદાને સંજય ઉપર સરા જાહેર હુમલો કરી છરીના ઘા ઝીંકી હત્યા કરી હતી. બનાવની જાણ મૃતકના પરિવારને થતાં હોસ્પિટલે દોડી આવ્યો હતો

પ્રજાપતિ પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. આ બનાવની જાણ થતાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયા, ભક્તિનગર પોલીસના સેકન્ડ પીઆઈ એસ.ડી. ગિલવા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં જ ભરતદાન ગઢવીને ઝડપી લીધો હતો. સકંજામાં લઈ તેની સઘન પૂછપરછ શરૂ કરી છે.

# ચોટીલાના ઢોકળવા ગામે પ્રેમ પ્રકરણમાં યુવાનની હત્યા

## ગામના છ શખ્સોએ સમાધાન માટે બોલાવી દવા પીવડાવી ગળેટુંપો આપી હત્યા કરીઃ પાંચ શખ્સોની પોલીસે કરી ધરપકડ

**મુખ્ય સમાચાર, મોરબી**

ચોટીલાના ઢોકળવા ગામના યુવાનની હત્યા કરાયેલી લાશ ગામની સીમમાંથી મળી આવી હતી. જેમાં મૃતકના પિતાએ ગામના ૬ શખ્સો સામે યુવાનને પ્રેમ પ્રકરણ બાબતે સમાધાન માટે બોલાવી બળજબરીથી ઝેરી દવા પીવડાવી દોરી વડે ગળે ટૂંપો કરી હોવાની ફરિયાદ છે.

આ અંગેની વિગત મુજબ ચોટીલા તાલુકાના પોલીસે ઢોકળવા ૫૫ વર્ષીય ગોવિંદભાઈ સાનાણી તેમનો પુત્ર ગામે રહેતા કરશનભાઈ ખેતી કરે છે. લાખાભાઈ રાજકોટની કોલેજમાં અભ્યાસ કરે છે અને સમરસ હોસ્ટેલમાં રહે છે. હાલ તેને પરીક્ષા પુરી થઈ ગઈ હોવાથી પરીવારજનોએ વેકેશનમાં ઘરે બોલાવ્યો હતો. લાખાભાઈને ગામના જ હદાભાઈ નારણભાઈ મામૈયાની દિકરી સાથે પ્રેમ સંબંધ દઈને હત્યા નોંધાવી પાંચ આરોપીઓને ઝડપી લીધા હોઈ પરીવારજનો લાખાભાઈને દિકરી સાથે જોઈ જતા ૬ માસ પહેલા માથાકુટ થઈ હતી.





પરંતુ બાદમાં સમાધાન થઈ ગયુ હતુ. ત્યારે હાલ ઢોકળવા આવેલા લાખાભાઈને દિકરીના કુટુંબીજનો તા. ૫મીએ રાત્રે ગામની સીમમાં ફરી સમાધાન માટે બોલાવ્યો હતો. જયાં સૌપ્રથમ તેને ઢીકાપાટુનો માર મારવામાં આવ્યો હતો અને તે લોકો આજે આને પતાવી દેવો છે તેવુ કહેતા અન્ય શખ્સોએ લાખાભાઈને પકડી રાખ્યો હતો. અને મુકેશે લાખાભાઈનું મોઢું દબાવી બળજબરીપૂર્વક જંતુનાશક દવાનું ડબલુ લઈ દવા પીવડાવી હતી. આ સમયે લાખાભાઈ કરગરતા હતા કે, હું તમારી માફી માંગુ છું, હવે તમારી દિકરી સામે નહીં જોવુ. તેમ છતાં રાજેશ માણસુરભાઈ મામૈયા, મુકેશ નરસીંગભાઈ મામૈયા, રવુ ખીમાભાઈ મામૈયા, ભાવેશ રતાભાઈ મામૈયા, વિપુલ સામતભાઈ મામૈયા અને લાખા દિનેશભાઈ મામૈયાએ એકસંપ કરી બાઈકમાં બાંધેલી દોરી લઈ ગળેટુંપો દઈ યુવાનને મોતને ઘાટ ઉતારી દીધો હતો. બનાવની કરશનભાઈ સાનાણીએએ ૬ આરોપીઓ સામે નાની મોલડી પોલીસ મથકે હત્યાની ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે પાંચ આરોપીઓને ગણતરીની કલાકોમાં ઝડપી લીધા હતા. જયારે હજુ એક ફરાર આરોપી મુકેશ નારસીંગભાઈ મામૈયાને ઝડપી લેવા વધુ તપાસ પીએસઆઈ એમ.કે. પરમાર ચલાવી રહ્યા છે.

# મોરબીમાં શેરબજારમાં રોકાણ કરવાની લાલચ આપી રૂા.૪.૪૭ની ઠગાઈ કરનાર બે ઝડપાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં શેરબજારમાં ઓનલાઈન રોકાણ કરાવી સારો નફો કમાવવાની લોભામણી લાલચ આપી છેતરપીડી કરતા ગુન્હામાં સંડોવાયેલ વધુ બે આરોપીઓને મોરબી સાયબર ક્રાઈમ ટીમે પકડી પાડયા છે.

આ અંગેની માહિતી મુજબ ગત તા.૦૪/૦૧/૨૦૨૪ના રોજ કિશનભાઈ કાવર નામના અરજદારને વોટ્સએપ નંબર મેસેજમાં શેરબજારમાં રોકાણ કરવા અંગેની ટીપ્સ મોકલેલ જેના આધારે ફરીયાદીએ ઓનલાઈન શેરની લે- વેચ કરવા કુલ રૂ.૪,૪૭,૧૫૦નું ઓનલાઈન ટ્રાન્જેકશન કરેલ. બાદ ફરીયાદી પોતે કરેલ રોકાણના પૈસા પાછા આપી



દેવા જણાવેલ તો આ કામના આરોપીઓએ પૈસા પાછા ન આપી ફરીયાદી સાથે છેતરપીડી કરતા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, મોરબી ખાતે ગુનો દાખલ થયેલ હતો. ગુન્હામાં અગાઉ ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ હોય અને ગુન્હાના મુળ સુધી જઈ ઉંડાણપુર્વક તપાસ કરી ગુન્હામા સંડોવાયેલ અન્ય આરોપીઓને શોધી કાઢવા બાબતે અલગ અલગ ટીમો બનાવી હતી. આથી સાયબરક્રાઈમ ટીમના ઈન્ચાર્જ પીઆઈ સહિતની ટીમે આરોપી રાકેશભાઇ જયંતીભાઇ ઠાકોર રહે. વડોદરા છાણી જકાતનાકા પરીમલ સોસાયટી તથા ચીરાગ ઉર્ફે દેવ સતીષભાઈ કહાર રહે. નાગરવાડા પ્રકાશનગર, વડોદરા વાળાઓને પકડી પાડેલ છે.

# લોધીકાના શખ્સે બનેવીની બોલેરો જીપ બારોબાર વેચી નાંખતા ફરિયાદ

## રાજકોટના યુવાને પીજીવીસીએલના કોન્ટ્રાકટમાં ગાડી ચલાવવા સાળાને આપી હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના યુવકે લોધિકામાં તેના સાળાને પીજીવીસીએલના કોન્ટ્રાક્ટ પર બોલેરો ચલાવવા માટે ત્રણ વર્ષ પૂર્વે આપી હતી જે બોલેરો તેના સાળાએ બરોબર વેચી મારતા લોધિકા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી રાજકોટમાં રૈયાધાર વિસ્તારમાં સનસીટી એન્કલેવ એપાર્ટમેન્ટમાં રહેતા નીલભાઈ હિતેશભાઈ ઓઝા (ઉ.વ.૩૬) એ આરોપી તરીકે લોધિકામાં રહેતા પોતાના સાળા અલ્પેશ મોહનભાઈ ભોયનું નામ આપતાં જણાવ્યું હતુંકે, તેણે ૧૪ વર્ષ પૂર્વે લોધિકામાં રહેતા હંસા મોહનભાઈ ભૌય સાથે લગ્ન કર્યા હતા. જે મૂળ ડાંગ જિલ્લાના વતની છે. યુવાનના સસરા મોહનભાઈએ વર્ષ ૨૦૧૭ માં બોલેરો ગાડી ખરીદી હતી. જે ગાડી યુવાનના સાળા અલ્પેશ ભોયના નામે હતી બાદમાં વર્ષ ૨૦૧૯ માં અલ્પેશે વાત કરી હતી કે, મારે આ ગાડી પીજીવીસીએલમાં કોન્ટ્રાક્ટમાં મૂકવી છે પરંતુ મારા પિતા પીજીવીસીએલમાં નોકરી કરતા હોય જેથી ટેન્ડર મળતું નથી. હું તમને આ ગાડી વેચી દઉં જેથી પીજીવીસીએલમાં કોન્ટ્રાક્ટમાં મૂકી શકાય બાદમાં યુવાને રૂપિયા છ લાખ પોતાના સાળા અલ્પેશને આપી બોલેરો ગાડી ખરીદી હતી અને તે ગાડી તેણે પોતાના સાળાને ચલાવવા માટે આપી હતી અને પીજીવીસીએલમાં કોન્ટ્રાક્ટર મૂકી હતી જે કોન્ટ્રાક્ટ ત્રણેક વર્ષ સુધી ચાલ્યો હતો.યુવાનને પત્ની સાથે મનમેળ ન રહેતા બંને અલગ થઈ ગયા હતાં.

બીજી તરફ યુવાને પોતાના સાળા અલ્પેશ પાસે ગાડી પરત માંગતા તેણે કહ્યું હતું કે, હું થોડા દિવસોમાં ગાડી પરત આપી દઈશ પરંતુ ગાડી બાબતે ચેક કરતાં તે બોલેરો અલ્પેશે બીજે વેચી નાખ્યાનું જાણવા મળતા ફરિયાદ નોંધાવી છે.

# માધાપર ચોકડીએ બંધ સિગ્નલ તોડનાર રિક્ષા ચાલકને અટકાવતા ટી.આર.બી. જવાન પર હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માધાપર ચોકડી પાસે બંધ સિગ્નલમાં ઘૂસેલા રિક્ષા ચાલકને ટીઆરબી જવાને રોકતા ચાલક ઉશ્કેરાયો હતો અને ટીઆરબી જવાનને ગાળો આપી માથામાં કડુ મારી દેતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. વિગતો મુજબ શહેરમાં નાગેશ્વર સોસાયટીમાં રહેતો અને ટીઆરબીમાં નોકરી કરતો પ્રશાંતભઇ ભરતભાઈ ગોહેલ નામનો ૨૩ વર્ષીય યુવક ગઈકાલે માધાપર ચોકડી પર પોતાની ફરજ પર હતો ત્યારે બંધ સિગ્નલમાં એક રિક્ષા ચાલક ઘૂસી આવ્યો હતો જેથી તે રિક્ષા ચાલકને ટીઆરબી જવાને રોકતા રિક્ષા ચાલકે ગાળો આપી હતી અને ઉશ્કેરાઈ યુવકને માથામાં કડુ મારી દેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અને આ મામલે હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસમાં જાણ કરી આગળની કાર્યવાહી હાથધરી છે.

# મોરબી રોડ પર પરિણીતાને આપઘાતની ફરજ પાડનાર પતિ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ચિત્રકૂટધામ સોસાયટીમાં રહેતા ૫૮ વર્ષીય નિવૃત વૃધ્ધ રમેશભાઈ વિરમભાઈ ડોડીયાએ મોરબી રોડ ઉપર ગોકુળ કોમ્પલેક્ષમાં રહેતા જમાઈ આનંદભાઈ રાઘવભાઈ રાઠોડ સામે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં દીકરી હેતલબેનને મરવા મજબૂર કરવા અંગે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે દીકરી હેતલના લગ્ન ૨૦૦૯માં કર્યા હતા લગ્નના એક વર્ષ પછી પતિએ ત્રાસ આપવાનુ શરૂ કરતાં દીકરી વારંવાર માવતરે આવી કહેતી કે પતિને અન્ય સ્ત્રી સાથે સંબંધ છે અને દારૂ પી મારકૂટ કરી ઘરમાં ગમે ત્યાં મળમૂત્ર કરી જાય છે અને મારી પાસે સાફ કરાવે છે તેમજ મારે બીજી છોકરી સાથે અફેર છે તારી જરૂર નથી તારે મરવું હોય તો મરી જા કહી ત્રાસ આપે છે ૨૦૧૨માં દીકરી આપઘાત કરવા ડેમે ગઈ હતી પણ સિક્યુરિટીએ બચાવી લીધી હતી બે તારીખે પૌત્રના જન્મદિવસની પાર્ટીમાં આવી ત્યારે દીકરીએ પુત્રવધુ હર્ષિતાને પતિના ત્રાસની વાત કરી હતી બીજા દિવસે સાળા હેમુભાઈ પરમારએ ફોન કરી દીકરી હેતલએ ફાસો ખાઈ આપઘાત કરી લીધો છે તેવું જણાવતા અમે ત્યાં દોડી ગયા હતા અને દીકરીને ત્રાસ આપી મરવા મજબૂર કરવા અંગે ફરિયાદ નોંધાવતા પીઆઈ એસ એમ જાડેજા સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી છે.

# હડમતીયા(બેડી)ગામે મહિલા સરપંચના વકીલ પતિ પર ખુની હૂમલો

## આંગણવાડી બંધ રાખવા બાબતે ઝગડો થતા ધીંગાણું ખેલાયુંઃમહિલા સહિત પાંચ શખ્સો સામે સામસામી નોંધાઈ ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટની ભાગોળે આવેલા હડમતીયા(બેડી)ગામે આંગણવાડી બંધ રાખવા બાબતે થયેલી ફરિયાદનો ખાર રાખી મહિલા સરપંચના વકીલ પતિ પર ગામમાં રહેતી મહિલા સહિત ત્રણ શખ્સોએ ખુની હૂમલો કર્યાની અને સામા પક્ષે મારમારી ગંભીર ઈજા કર્યાની સામસામી ફરિયાદ કુવાડવા પોલીસમાં નોંધાઈ છે.

આ અંગેની માહિતી મુજબ હડમતીયા(બેડી)ગામે રહેતા ગામના મહિલા સરપંચ પારૂલબેનના પતિ અને વકીલાત કરતા ભાવેશભાઈ રઘુભાઈ બાંભવા નામના ભરવાડ યુવાને કુવાડવા પોલીસમાં ગામમાં રહેતો હરગોવિંદ કુબાવત પરસુરામ કુબાવત અને ભારતી હરગોવિંદ કુબાવત વિરુધ્ધ હત્યાની કોસીસની ફરિયાદ નોંધાવી છે. વકીલે ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ભારતી કુબાવત ગામમાં આવેલી આંગણવાડીમાં નોકરી કરતી હોય નોકરીમાં સમયસર હાજર નહીં રહેતા અને હરગોવિંદ કુબાવતે ગામમાં બનાવેલ સીસી રોડ તોડી નવું નળ કનેકશન લીધુ હોય આ રોડ રીપેર કરવા બાબતે ચાર મહિના પહેલા ફરિયાદ કરી હોય જે ઝગડાનો ખાર રાખી આ દંપતી સહિત ત્રણ શખ્સોએ વકીલની હત્યા કરવાના ઈરાદે ધોકા અને પાઈપ વડે હૂમલો કરી માથામાં ગંભીર ઈજા કરી હતી.

જયારે સામા પક્ષે વળતી ફરિયાદમાં હડમતીયા(બેડી)ગામે રહેતા હરગોવિંદભાઈ અરવિંદભાઈ કુબાવતએ વકીલ ભાવેશ બાંભવા અને તેનો ભાઈ મહેશ બાંભવા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, અગાઉ થયેલ ઝગડાનો ખાર રાખી આ શખ્સો ધોકા અને લોખંડના પાઈપથી હૂમલો કરી શરીરે ગંભીર ઈજા કરતા કુવાડવા પોલીસમાં સામસામી ફરિયાદ નોંધાઈ છે પીઆઈ વી.આર.રાઠોડ સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.

# દાદી સાથે ગરબા જોઈ પરત જતી સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરનારને આજીવન કેદની સજા

## સજા ઉપરાંત ભોગ બનનારને ૩ લાખનું વળતર ચુકવવાનો હુકમ કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ૫ વર્ષ પૂર્વે દાદીની નજર સામે સગીરાને ઘર સુધી પહોચાડવાનું કહી અવાવરૂ સ્થળે લઈ જઈ દૂષ્કર્મ આચરવાના ગુનામાં આરોપીને આજીવન કેદની સજા અને ૩ લાખ વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત એવી છે કે તારીખ ૧૪/૧૦/૨૦૧૯ ના રોજ પૂનમના દિવસે ૮ વર્ષીય બાળકી દાદી સાથે ગરબા જોવા ગઈ હતી અને ત્યાંથી બન્ને ઘરે જતા હતા ત્યારે આરોપી બાબુ દેવા બાંભવાએ બાઈકમાં મુકી જવા કહી બાળકીને ટાંકી ઉપર બેસાડી પાછળની સીટમાં દાદી બેસવા જાય તે પહેલા મોટર સાયકલ ભગાડી મુકેલ આ અંગે દીકરાને ફોન કરી જાણ કરી બાળકીની શોધખોળ કરી હતી દરમીયાન બીજા રીંગ રોડ તરફથી કાર ડ્રાઈવરને મોડી રાત્રે બાળકી રડતી હાલતમાં મળતા અજાણ્યા શખસે પોલીસને કબ્જો સોંપ્યો હતો પોલીસે બાળકીનું મેડીકલ કરાવતા ડોકટરે પણ દુષ્કર્મ થયાનું જણાવ્યું હતું આ કેસ ચાલી જતા સરકાર તરફે રજુઆત કરી હતી કે બાળકીએ આરોપીને અદાલતમાં ઓળખી બતાવ્યો છે તેમજ આરોપીના લોહી અને સીમેન બાળકીના કપડા ઉપર મળી આવ્યા છે પોકસો અદાલતના ખાસ જજ જે. ડી. સુથારે આરોપી બાબુ દેવા બાંભવાને અંતિમ શ્વાસ સુધી સખ્ત કેદની સજા, ૧૦,૦૦૦નો દંડ તેમજ ભોગ બનનારને ૩ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો છે.

# કાલાવડ રોડ પર કારના શોરૂમમાં કર્મચારીએ કરી રૂા.૨.૨૮ લાખની ઠગાઈ

## કટારિયા ઓટો મોબાઈલના મેનેજરે ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે સેલ્સ લીડરની કરી ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કાલવાડ રોડ કટારીયા ઓટો મોબાઈલ પ્રા.લી. નામની મારૂતિ કારના શો-રૂમમાં કર્મચારીએ ગ્રાહકો પાસેથી ડાઉન પેમેન્ટ લઈ રૂ. ૨.૮૨ લાખની છેતરપીંડી આચરી હોવાની મેનેજરે ફરીયાદ કરતા તાલુકા પોલીસે ગુનો નોંધી આરોપીને સંકજામાં લઈ તેની પુછતાછ કરી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ ગોંડલ રોડ પર વાવડી ગામે મહમંદીબાગમાં રહેતા અને કાલાવાડ રોડ પર કટારીયા ઓટો મોબાઈલ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા અનવરભાઈ ફારૂકભાઈ મીનીવાડીયાએ ફરીયાદ કરી હતી




જેમા તેની કંપનીમાં કારના શો-રૂમમાંથી કર્મચારી દ્વારા રૂ. ૨.૮૨ લાખની ઠગાઈ : પોલીસમાં ગુનો સેલ્સ લીડર તરીકે નોકરી કરતો જામનગરના ગુલાબનગરમાં રહેતો રવી પંકજભાઈ ચાવડાનુ નામ આપ્યુ હતુ ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તા. ૨૩-૧ના રોજ ગ્રાહક દેવજીભાઈ સંતોકીએ આવીને વાત કરી હતી કે અમે રવીભાઈને અમારી કારની ડીલવરી માટે ડાઉન પેમેન્ટ આપ્યુ હતુ પરંતુ કારની ડીલવરી આપતા ન હોવાનુ જણાવતા તપાસ કરતા અન્ય ગ્રાહકોના પૈસા પણ લઈ લીધા હોવાનુ અને તેઓને આપેલ રિસીપ્ટ ખોટી હોવાનુ બહાર આવતા તેને હાયર ઓથોરીટીને જાણ કરી રવીને બોલાવી પુછતાછ કરતા તેને ગ્રાહકો પાસેથી રૂ.૨.૮૨ લાખ લીધા હતા અને અંગત ઉપયોગમાં વાપરી નાખ્યા હોય જેથી તમારા પૈસા હુ ભરી આપીશ તેમ જણાવેલ જે આજ દિન સુધી નહી ભરી કંપની સાથે છેતરપીંડી કરી હોવાનુ જણાવતા પી.એસ.આઈ.ત્રાજીયા સહીતના સ્ટાફે ગુનો નોંધી આરોપીને સકંજામાં લઈ વિશેષ કાર્યવાહી કરી હતી.